# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ 2020-21 માટે
## ધોરણ-12 : અર્થશાસ્ત્ર (022) (સામાન્ય પ્રવાહ)
## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 100**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મૉડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મૉડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | સંયોજન / કૌશલ્ય (S) | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 45 | 30 | 20 | 05 | 100 |
| ટકા | 45 | 30 | 20 | 05 | 100 |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | અતિ ટૂંકજવાબી પ્રશ્નો (VSA) | 15 | 15 | 15 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 12 | 16 | 24 |
| 4. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 07 | 10 | 21 |
| 5. | લાંબા પ્રશ્નો (LA) | 05 | 07 | 25 |
| | કુલ | **54** | **63** | **100** |

**પ્રકરણ દીઠ ગુણભાર :**

| ક્રમ | પાઠ / પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના ગુણ | જનરલ વિકલ્પ સાથે ગુણ |
| 1. | અર્થશાસ્ત્રમાં આલેખ | 08 | 10 |
| 2. | વૃધ્ધિ અને વિકાસના નિર્દેશકો | 10 | 13 |
| 3. | નાણું અને ફુગાવો | 08 | 10 |
| 4. | બેન્કિંગ અને નાણાકીય નીતિ | 08 | 08 |
| 5. | ગરીબી | 10 | 13 |
| 6. | બેરોજગારી | 10 | 12 |
| 7. | વસ્તી | 10 | 15 |
| 8. | કૃષિ ક્ષેત્ર | 10 | 10 |
| 9. | વિદેશવેપાર | 08 | 13 |
| 10. | ઉદ્યોગક્ષેત્ર | 08 | 08 |
| 11. | ભારતીય અર્થતંત્રમાં નૂતન પ્રશ્નો | 10 | 15 |
| | કુલ | **100** | **127** |

**નોંધ :** જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**
**ધોરણ-12 : અર્થશાસ્ત્ર (022) (સામાન્ય પ્રવાહ)**
**વાર્ષિક પરીક્ષા**
**પ્રશ્નપત્રનું માળખું**

**સમય : 3 કલાક** **કુલ ગુણ : 100**

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| 1 થી 15 | **વિભાગ - A**<br>નીચે 1 થી 15 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો આપેલા છે. આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ) | 15 |
| 16 થી 30 | **વિભાગ - B**<br>નીચે આપેલા 16 થી 30 પ્રશ્નોના ઉત્તરો એક-બે વાક્યમાં આપો. (દરેકનો 1 ગુણ) | 15 |
| 31 થી 46 | **વિભાગ - C**<br>નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 31 થી 46 સુધીના 16 પ્રશ્નોમાંથી કોઈપણ 12 (બાર) પ્રશ્નોના ઉત્તર લખો. (દરેકના 2 ગુણ) | 24 |
| 47 થી 56 | **વિભાગ - D**<br>નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 47 થી 56 સુધીના 10 પ્રશ્નોમાંથી કોઈપણ 07 (સાત) પ્રશ્નોના ઉત્તર લખો. (દરેકના 3 ગુણ) | 21 |
| 57 થી 63 | **વિભાગ - E**<br>નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 57 થી 63 સુધીના 07 પ્રશ્નોમાંથી કોઈપણ 05 (પાંચ) પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (દરેકનો 5 ગુણ) | 25 |
| | **કુલ** | **100** |

**સૂચના :** વિભાગ-E માં પ્રશ્નક્રમાંક 63 આકૃતિ અને તેના વિશ્લેષણને લગતો પૂછવાનો રહેશે. જેમાં સમય આધારિત રેખાકૃતિ, સાદી સ્તંભાકૃતિ, પાસ-પાસેની સ્તંભાકૃતિ કે વિભાજીત સ્તંભાકૃતિમાંથી પૂછવાનો રહેશે. આ પ્રશ્નમાં દૃષ્ટિહીન વિદ્યાર્થીઓએ માત્ર સમજૂતી આપવી (વિશ્લેષણ કરવું) તેવી સ્પષ્ટ નોંધ પ્રશ્નક્રમાંક 63 માં કરવાની રહેશે.

**નોંધ :** ગુ.મા.ઉ.મા.શિ. બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2020-21 માટે અભ્યાસક્રમના રદ કરેલા પ્રકરણ/મુદ્દાઓમાંથી પ્રશ્નો પૂછવા નહિ.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ધોરણ-12 : અર્થશાસ્ત્ર (022) (સામાન્ય પ્રવાહ)
## વાર્ષિક પરીક્ષા
## નમૂનાનું પ્રશ્નપત્ર

સમય : 3 કલાક | કુલ ગુણ : 100

**સૂચનાઓ :**

- આ પ્રશ્નપત્રમાં પાંચ વિભાગ છે અને કુલ 63 પ્રશ્નો છે.
- જવાબ આપતા પહેલાં પ્રશ્નોને કાળજીપૂર્વક વાંચી સૂચના મુજબ જવાબ આપો.
- વિભાગની સામે કૌંસમાં લખેલ અંક ગુણ દર્શાવે છે.
- નવો વિભાગ નવા પાના પરથી જ લખવો.

### વિભાગ - A

- **નીચે આપેલા 1 થી 15 હેતુલક્ષી પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** **[15]**
**(દરેકનો 1 ગુણ)**

(1) આલેખ કયા પ્રકારના વિતરણ માટે દોરવામાં આવે છે ?
(A) અસતત (B) આદર્શ (C) સતત (D) વિસ્તાર

(2) 2014 માં વિશ્વમાં માનવ વિકાસ આંકની દૃષ્ટિએ ભારતનો ક્રમ કેટલામો હતો ?
(A) 130 (B) 90 (C) 147 (D) 180

(3) જીવનની ભૌતિક ગુણવત્તા આંક (PQLI) નું મહત્તમ મૂલ્ય કેટલું હોય છે ?
(A) શૂન્ય (B) 100 (C) 100 થી ઓછું (D) 100 થી વધુ

(4) માંગમાં વૃદ્ધિ થવાના કારણે થતાં ભાવવધારાને કેવો ફુગાવો કહે છે ?
(A) ખર્ચપ્રેરિત (B) વેતન પ્રેરિત (C) નફાપ્રેરિત (D) માંગપ્રેરિત

(5) રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનું રાષ્ટ્રીયકરણ કયા વર્ષમાં કરવામાં આવ્યું ?
(A) ઈ.સ. 1939 (B) ઈ.સ. 1949 (C) ઈ.સ. 1969 (D) ઈ.સ. 1951

(6) ભારતમાં વેપારી બૅન્કમાં મોટેભાગે કેટલા પ્રકારની થાપણો હોય છે ?
(A) 6 (B) 2 (C) 3 (D) 5

(7) ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચે શહેરીક્ષેત્રે વ્યક્તિના ખોરાકમાં ન્યૂનતમ દૈનિક કેટલી કેલરી નક્કી કરી છે ?
(A) 2400 (B) 2300 (C) 2200 (D) 2100

(8) વર્ષ 2013 માં ભારતમાં સૌથી ઓછી ગરીબી કયા રાજ્યમાં જોવા મળી હતી ?
(A) ગુજરાત (B) રાજસ્થાન (C) ગોવા (D) બિહાર

(9) કયા પ્રકારની ઉત્પાદન પધ્ધતિ બેરોજગારીમાં વધારો કરે છે ?
(A) શ્રમ પ્રધાન (B) ખેત પ્રધાન (C) શિક્ષણ પ્રધાન (D) મૂડી પ્રધાન

(10) ફરજિયાત સ્વરૂપની બેરોજગારીનો વિચાર કયા શ્રમના પુરવઠાના સંદર્ભમાં કરવામાં આવે છે ?
(A) સક્રિય (B) નિષ્ક્રિય (C) બાળકો (D) વૃદ્ધો

(11) વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ કયો છે ?
(A) ભારત (B) ચીન (C) બાંગ્લાદેશ (D) નોર્વે

(12) લેણદેણની તુલામાં કેટલા ખાતા હોય છે ?
(A) 2 (B) 3 (C) 4 (D) 5

(13) રેલવે એ કયા પ્રકારના ઉદ્યોગનું ઉદાહરણ છે ?

(A) ખાનગીક્ષેત્ર (B) જાહેરક્ષેત્ર (C) સંયુક્ત ક્ષેત્ર (D) સહકારી ક્ષેત્ર

(14) મોટાપાયાના ઉદ્યોગોમાં કેટલું મૂડીરોકાણ જરૂરી છે ?

(A) 2 કરોડ થી વધુ (B) 5 કરોડ થી વધુ (C) 8 કરોડ થી વધુ (D) 10 કરોડથી વધુ

(15) આકર્ષણ સ્થળાંતરની અસરો કેવા પ્રકારની હોય છે ?

(A) નકારાત્મક (B) હકારાત્મક (C) શૂન્ય (D) સાપેક્ષ

## વિભાગ - B

- **નીચે આપેલા 16 થી 30 પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં આપો.** (દરેકના 1 ગુણ) **[15]**

(16) આકૃતિ એટલે શું ?

(17) આલેખ દોરવા માટે અને સમજવા માટે કયા વિષયનું જ્ઞાન જરૂરી છે ?

(18) માથાદીઠ આવક એટલે શું ?

(19) ભારતની મધ્યસ્થ બેંક કયા નામે ઓળખાય છે ?

(20) A.T.M. નું પૂરું નામ જણાવો.

(21) ગરીબી રેખા એટલે શું ?

(22) બેરોજગારીના પ્રકારો નક્કી કરવા માટેના ચાર માપદંડો કોણે રજૂ કર્યા છે ?

(23) મૃત્યુદરનું સૂત્ર જણાવો.

(24) રોકડિયા પાકના ગમે તે બે ઉદાહરણ આપો.

(25) NABARD ની સ્થાપના કયા વર્ષમાં થઈ ?

(26) લેણદેણની તુલામાં ખાદ્ય છે એમ ક્યારે કહેવાય ?

(27) વેપારતુલાનો અર્થ આપો.

(28) ગૃહઉદ્યોગ એટલે શું ?

(29) ભારતમાં વિશિષ્ટ આર્થિક વિસ્તારનો અમલ કયા વર્ષથી થયો ?

(30) સ્થળાંતર એટલે શું ?

## વિભાગ - C

- **નીચે આપેલા 31 થી 46 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 12 પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.** (દરેકના 2 ગુણ) **[24]**

(31) અર્થશાસ્ત્રમાં આકૃતિ અને આલેખનું મહત્ત્વ જણાવો. (કોઈપણ ચાર)

(32) આલેખના પ્રકાર જણાવો.

(33) આર્થિક વૃદ્ધિના ખ્યાલની કોઈપણ બે મર્યાદા જણાવો.

(34) જીવનની ભૌતિક ગુણવત્તાના આંકના ઘટકો કેટલાં છે ? તેના નામ જણાવો.

(35) નાણાંના પ્રકાર જણાવો.

(36) ફુગાવાનાં લક્ષણો જણાવો.

(37) રેપોરેટ અને રીવર્સ રેપોરેટનો અર્થ આપો.

(38) સરકારની બૅન્કર તરીકે RBI નું કાર્ય સમજાવો.

(39) સાપેક્ષ ગરીબીનો અર્થ ઉદાહરણ આપી સમજાવો.

(40) ગ્રામીણ ગરીબીનાં કારણો ટૂંકમાં સમજાવો.

(41) ઘર્ષણજન્ય બેરોજગારીનો અર્થ ઉદાહરણ આપી સમજાવો.

(42) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના ક્યારે અને ક્યા ઉદ્દેશથી શરૂ કરવામાં આવી ?

(43) લેણદેણની તુલાને અસર કરતા કોઈપણ ચાર પરિબળોના નામ જણાવો.

(44) વિદેશ વેપાર માટેનાં કારણોના મુદ્દાના માત્ર નામ જણાવો.

(45) સહકારી ક્ષેત્રના ઉદ્યોગો કોને કહેવાય ?

(46) ઔદ્યોગિકીકરણથી કેવી રીતે સામાજિક માળખામાં ફેરફાર કરી શકાય ?

## વિભાગ - D

- **નીચે આપેલા 47 થી 56 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 7 પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર આપો.** (દરેકના 3 ગુણ) **[21]**

(47) કમ્પ્યૂટર અને ઈન્ટરનેટના ઉપયોગના ભયસ્થાનો જણાવો.

(48) આર્થિક વૃધ્ધિ અને આર્થિક વિકાસનો તફાવત લખો. (કોઈપણ છ મુદ્દા)

(49) આર્થિક વિકાસના નિર્દેશક તરીકે માથાદીઠ આવકનો વૃદ્ધિદર સમજાવો.

(50) ગરીબીના કોઈપણ ત્રણ આર્થિક કારણો સમજાવો.

(51) ગરીબી ઘટાડવાના કોઈપણ ત્રણ ઉપાયો સમજાવો.

(52) ભારતમાં નીચા મૃત્યુદરનાં કારણો સમજાવો.

(53) કૃષિનું મહત્ત્વ સ્પષ્ટ કરતા ત્રણ મુદ્દા ચર્ચો.

(54) ટૂંકનોંધ લખો. હૂંડિયામણ દર

(55) આંતરિક વેપાર અને વિદેશ વેપાર વચ્ચેના તફાવતના ત્રણ મુદ્દા ચર્ચો.

(56) નાના પાયાના ઉદ્યોગોનું મહત્ત્વ સ્પષ્ટ કરતી ત્રણ બાબતો ચર્ચો.

## વિભાગ - E

- **નીચે આપેલા 57 થી 63 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 5 પ્રશ્નોના ઉત્તર વિસ્તારપૂર્વક આપો.** (દરેકના 5 ગુણ) **[25]**

(57) ફુગાવાનાં કારણો ચર્ચો.

(58) ભારતમાં બેરોજગારીના કોઈપણ પાંચ કારણો સમજાવો.

(59) જન્મદરનો અર્થ આપી ભારતમાં ઊંચા જન્મદર માટેનાં સામાજિક પરિબળો (કારણો) ચર્ચો.

(60) ભારતમાં નીચી ખેત ઉત્પાદકતાનાં સંસ્થાકીય અને ટેક્નોલોજીકલ પરિબળો ચર્ચો.

(61) શહેરીકરણની હકારાત્મક અસરો સમજાવો.

(62) સ્થળાંતરના કારણોની સમજૂતી આપો.

(63) ગુજરાતમાં દર હજાર પુરૂષોએ સ્ત્રીઓની સંખ્યાની આપેલી આંકડાકીય માહિતીને સ્તંભાકૃતિમાં રજૂ કરી વિશ્લેષણ કરો.

| વર્ષ | 1901 | 1931 | 1961 | 1991 | 2001 | 2011 |
|---|---|---|---|---|---|---|
| ગુજરાતમાં દર હજાર પુરૂષોએ સ્ત્રીઓની સંખ્યા | 954 | 945 | 940 | 936 | 921 | 918 |

**નોંધ :** દૃષ્ટિહીન વિદ્યાર્થીઓએ માત્ર વિશ્લેષણ કરવું.

●●●